# ભાવનગર મહાનગરપાલિકા

ટા.પ્લા.જા.નં/PMAY/855
તા.. 25/02/2025.

ટાઉન પ્લાનીંગ વિભાગ
ભાવનગર મહાનગર પાલિકા
તા.૨૪/૦૨/૨૦૨૫

## "પ્રેસ નોટ"

ભાવનગર મહાનગરપાલિકા હેઠળની પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત જુદી - જુદી યોજનાઓ હેઠળ ખાલી રહેલ કુલ-૧૯૩ આવાસોનો માન.મેયરશ્રી ભરતભાઈ બારડનાં વરદહસ્તે તા.૨૪/૦૨/૨૦૨૫ નાં સોમવારનાં રોજ સવારે ૧૦:૩૦ કલાકે શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ, સરદારનગર, ભાવનગર ખાતે કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરવામાં આવેલ છે. જેમાં માન.ડે.મેયરશ્રી મોનાબેન પારેખ, માન.સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી રાજુભાઈ રાબડીયા, માન.શાષક પક્ષનાં નેતાશ્રી કિશોરભાઈ ગુરુમુખાણી, માન.દંડકશ્રી ઉપાબેન બધેકા, ટાઉન પ્લાનિંગ એન્ડ સીટી ઈમ્પ્રુવમેન્ટ કમિટીનાં માન.ચેરમેનશ્રી યોગીતાબેન ત્રિવેદી તેમજ માન.નાયબ કમિશનરશ્રી(જનરલ)શ્રી જે. એ. રાવળ, ડ્રો કમિટીનાં સભ્યશ્રીઓ, પ્રેસ મીડિયાનાં પ્રતિનિધિશ્રીઓ તથા અન્ય અધિકારીઓ અને અરજદારોશ્રીની ઉપસ્થિતિમાં કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરવામાં આવેલ છે. આ કોમ્પ્યુટરાઈઝ ડ્રો દ્વારા ૨૪૬૪ ઈ.ડબ્લ્યુ.એસ.૧ માં ૪૨ અરજદારોને ખાલી રહેલ આવાસની ફાળવણી કરવામાં આવેલ, ૨૪૮૯ ઈ.ડબ્લ્યુ.એસ.૧ માં ૧૯ વેઈટીંગ અરજદારો અને ૧૨૫૨ ઈ.ડબ્લ્યુ.એસ.૨ માં ૬૭ વેઈટીંગ અરજદારોને તથા ૮૦ ઈ.ડબ્લ્યુ.એસ.૧ માં ૬૫ લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. અરજદારોને ફાળવેલ આવાસ (ફ્લેટ) તેમજ તેના લોકેશન (પ્લોટ) ની વિગતો સ્થળ ઉપર જાહેર કરવામાં આવી હતી. તેમજ આ માહિતી અરજદારોનાં રજીસ્ટર મોબાઈલ નંબર પર મેસેજ દ્વારા મોકલવામાં આવેલ છે. તદુપરાંત ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર તેમજ આવાસ યોજના વિભાગનાં નોટીસ બોર્ડ પર ફાળવેલ આવાસોનું લીસ્ટ પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેની સબંધિત લાભાર્થીઓએ નોંધ લેવા વિનંતી છે.

ટાઉન પ્લાનીંગ વિભાગ ભાવનગર

કાર્યપાલક ઈજનેર(PMAY ઘટક)
ટાઉન પ્લાનીંગ વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર

નકલ રવાના :- પી.આર.ઓ.શ્રી,
દૈનિક અખબારમાં પ્રસિધ્ધી કરાવવા સારૂ.

---

પ્રતિ,
તંત્રી મહોદયશ્રી,

....................................
.................................... ભાવનગર.

ઉપરોક્ત પ્રેસનોટ આપના બહોળી પ્રસિધ્ધી ધરાવતા દૈનિક અખબારમાં તા.૨૫/૦૨/૨૦૨૫ ની આવૃતિમાં લોકહિતાર્થે વિનામૂલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

Bamar
જન સંપર્ક અધિકારી
જન સંપર્ક વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા